*વિજિલન્સ કમિશનને ફેર વિચારણા માટે મોકલવાના કેસોમાં અનુસરવાની પદ્ધતિ બાબત.*

**ગુજરાત સરકાર**

**ગૃહ વિભાગ**

પરિપત્ર ક્રમાંક : એસવીસી-૧૦૭૯-જીવીસી૧૮૬-ઙ,

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી જુન, ૧૯૭૯.

**પરિપત્ર**

ગુજરાત રાજ્ય તકેદારી પંચ તરફથી આ વિભાગના ધ્યાન ઉપર લાવવામાં આવ્યું છે કે, ગૃહ વિભાગના તા. ૨૫મી માર્ચ, ૧૯૬૮ના પરિપત્ર ક્રમાંક : એસવીસી- ૧૦૬૪-૨૨૩૬૬-હ અને તા. ૩જી ઓકટોબર, ૧૯૭૪ના પરિપત્ર ક્રમાંક : એસ.વી.સી.-૧૦૭૪-૬૬-હ,માં આપવામાં આવેલી સૂચના અનુસાર, સચિવાલયના વિભાગો તરફથી તકેદારી પંચને સલાહ માટે કે પંચે આપેલી સલાહની ફેર વિચારણા માટે કમિશનને મોકલવામાં આવતા કેસોમાં ઉપરોક્ત પરિપત્રોથી આપવામાં આવેલી સૂચના પ્રમાણે વિગતવાર સ્વયંસ્પષ્ટ નોંધ, કેટલાક વિભાગો તરફથી મોકલવામાં આવતી નથી, તેમજ કેસ કમિશનની ફેરવિચારણા સારૂ મોકલ્યો હોય તો તેવા કેસોમાં વિભાગના સચિવશ્રીની મંજુરી મેળવેલી છે કે કેમ તે અંગે પણ કોઇ સ્પષ્ટ નિર્દેશ આપવામાં આવતો નથી. પરિણામે આવા કેસોમાં કમિશનને સલાહ આપવાનું તેમજ સલાહ આપેલી હોય તેવા કિસ્સામાં ફેર વિચારણા કરવાનું મુશ્કેલ બને છે અને આ અંગે વિભાગ સાથે પત્ર વ્યવહારમાં ઉતરવું પડે છે અને તે રીતે કમિશનની કામગીરીમાં બીનજરૂરી વધારો થાય છે.

જે કેસો કમિશનને સચિવાલયના વિભાગો તરફથી સલાહ માટે કે સલાહની ફેર વિચારણા માટે મોકલવામાં આવતા હોય તેવા કેસોમાં ગૃહવિભાગના ઉપરોક્ત પરિપત્રોની સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે જોવા સચિવાલયના સર્વે વિભાગો તથા ખાતાના વડાઓને વિનંતી છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**આર. એમ. મહેતા**
સેકશન અધિકારી, ગૃહ વિભાગ.